**ACC-01**

# (BDP)

## સ્નાતક પદવી અભ્યાસક્રમ

## (Bachelor's Degree programme)

**સ્વાધ્યાય કાર્ય**

**ઓગષ્ટ -2008**

પાઠ્યક્રમ : **ACC - 01**

**શીર્ષક : બાળસંભાળ સેવા આયોજન**

નોંધ : વિદ્યાર્થીએ નિયત સમય મર્યાદામાં બધા જ સ્વાધ્યાયકાર્ય અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મુલ્યાંકન થયા બાદ TMA (સ્વા–1 અને સ્વા–2) મુલ્યાંકન પત્રક સાથે અભ્યાસકેન્દ્ર પરથી અવશ્ય પરત લેવું.

**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
આર.સી.ટેકનિકલ કમ્પાઉન્ડ,નવી ગુજરાત હાઈકોર્ટ સામે,
સરખેજ ગાંધીનગર હાઈવે,સોલા,અમદાવાદ–380060.

## ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આર.સી. ટેકનિકલ કમ્પાઉન્ડ,ન્યુ. ગુજરાત હાઈકોર્ટ સામે,
સરખેજ–ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ–3800060.

પાઠયક્રમ કોડ : **ACC-01**
સ્વાઘ્યાય કાર્ય :– **1**
અભ્યાસક્રમ કોડ : **ACC**
સ્વાઘ્યાય કાર્ય : **ACC-01/AST-1/TMA-1/2008**
કુલ ગુણ

**બધાં જ પ્રશ્નોના જવાબ આપો.** **(60)**

વિભાગ–ક

1. **ક. નીચેના દરેક પ્રશ્ન માટે યોગ્ય શબ્દસમુહ આપો.** **( 5 )**
   1. સ્ત્રીના રજ અને પુરૂષના વીર્યના સંયોજનથી ફલિત થતો એકમ કોષ.
   2. જે શિશુના પગના તળિયા પર ધીમેથી ટપલી મારવામાં આવેતો પહેલાં પગને હલાવે છે. અને પછી વીટાળે છે તેવી પ્રતિક્રિયા.
   3. શિશુના જન્મ બાદ બે કે ત્રણ દિવસો સુધી નીકળતું તેની માતાનું ઘાટ્ટુ અને પીળા રંગનું દુધ.
   4. જે પ્રતીકો (શબ્દો) વિશિષ્ટ ચીજો, સંબંધો, ક્રિયાઓ અને ભાવનાઓ માટે વપરાય છે, અને જેના દ્વારા આપણે અનેક વિધ પ્રકારના સંદેશાની આપલે કરી શકીએ છીએ, તેવા પ્રતીકોની એક વિશિષ્ટ વ્યવસ્થા,
   5. એક કે બે મહિનાના બાળકના ઉઉઉઉ............જેવા સ્વરાત્મક અવાજો.

   **ખ. નીચેના શબ્દોની વ્યાખ્યા આપો.** **(10)**
   1. સંકલન
   2. વળગણ
   3. સમતોલ આહાર
   4. Moro
   5. બાળકેન્દ્રિતતા

   **ગ. નીચેના વાકયો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **( 5 )**
   1. માતાપિતા ઉપરાંત વધુ કેટલાક સંભાળ લેનારની માવજત મળવાથી શિશુના સામાજિક વિકાસ પર વિપરીત પ્રભાવ પડે છે.
   2. ડી.પી.ટી. અને બી.સી.યુ. તેમજ પોલીયોના પ્રથમ ડોઝ પાંચ માસની ઉંમરે આપવા જોઈએ.
   3. ભૃણમાં સર્વપ્રથમ વિકાસ ધડનો થાય છે. પછી હાથપગનો અને પછી માથાનું બંધારણ થાય છે.
   4. ભારતીય બંધારણના માર્ગદર્શક સિદ્ધાંત પ્રમાણે ૧૦ વર્ષથી નીચેના કોઈ પણ બાળકને કોઈ કારખાનામાં, કોઈ ખાણમાં કે એવા કોઈ જોખમકારક વ્યવસાયમાં જોડવામાં આવશે નહિ.
   5. બાળકોની ભાષા સર્જનાત્મક અને નિયમબવ્ધ હોય છે.

2. ક. બાળસંભાળ સેવાનાં ઘટકો (તત્વો) જણાવો. **( 5)**
   ખ. ભાષાકીય વિકાસમાં જૈવિક અને પરિસ્થિતિ જન્ય પરિબળોનો પરસ્પર વ્યવહાર પ્રભાવક હોય છે. આ વિધાન ઉદાહરણ આપી સમજાવો. **( 5 )**
3. બાળકોના વિકાસના સિદ્ધાંતોની ચર્ચા કરો. **(10)**

4. બાળક ભાષા કેવી રીતે શીખે છે ? બાળકોની ભાષા શીખવા માટે તેના સંભાળકર્તા ઓની ભૂમિકા સ્પષ્ટ સ્વરૂપે સમજાવો. **(10)**

5. ક. બાળકોના સર્વાંગી વિકાસમાં રમતની ભૂમિકાની ઉદાહરણ સહિત ચર્ચા કરો. ( 5 )

ખ. સગર્ભાવસ્થામાં માતાની સંભાળ કેવી રીતે રાખશો ? શા માટે ? ( 5 )

**વિભાગ–ખ** (40)

આ વિભાગમાં તમારે બાળકોના અવલોકનને સંબંધિત કોઈપણ એક પ્રાયોગિક અભ્યાસ કરવાનો છે. ACC-01 ની પ્રાયોગિક કાર્યોની નિયમાવલીમાં વર્ણવેલ 4,6, અને 7 અભ્યાસોમાંથી કોઈપણ એક અભ્યાસ પસંદ કરો અને તેને સ્વાધ્યાય કાર્યના ભાગરૂપે અભ્યાસકેન્દ્રમાં મૂલ્યાંકન હેતુસર મોકલો.

અભ્યાસોની ગુણસંબંધી સૂચના આ પ્રમાણે છે.
અભ્યાસ - 4
કુલ ગુણ - 40
ગુણનું વિભાગીકરણ

❖ બાળકો અને માતા – પિતાનું અવલોકન કરવું અને નોંધ રાખવી. (20)
❖ અવલોકનનું વિશ્લેષણ – નિષ્કર્ષ લખવો. (20)

અભ્યાસ - 6
કુલ ગુણ - 40
ગુણનું વિભાગીકરણ

❖ બાળકોનું નિરીક્ષણ કરવું અને નોંધ રાખવી. (20)
❖ નિરીક્ષણનું તારણ કાઢી ચોકકસ નિર્ણય પર આવવું. (20)

અભ્યાસ - 7
કુલ ગુણ - 40
ગુણનું વિભાગીકરણ

❖ જોડવા અને સંરક્ષણ સંબંધી પ્રવૃતિઓનું આયોજન અને અવલોકનની નોંધ કરવી. (10+10)
❖ અવલોકનનું વિશ્લેષણ – નિષ્કર્ષ લખવો. (10+10)

**xxxxx**

## સ્વાધ્યાય કાર્ય :– 2

### વિભાગ–ક (60)

1. (અ) માતાપિતા દ્વારા અપનાવેલ વ્યવહારની દરેક શૈલી બાળકોના વ્યકિતત્વ સંબંધી કયા કયા અભિલક્ષણોને પ્રોત્સાહન આપે છે તેની સૂચી બનાવો. આ અભિલક્ષણો પ્રગટવાના કારણો સમજાવો. (10)
   (બ) શાળા પૂર્વેના બાળકો માટે યોગ્ય આહાર અને પોષણ સંબંધી ધ્યાનમાં રાખવાની બબતો સ્પષ્ટ કરો. (5)
   (અ) શાળા પૂર્વેના બાળકોમાં વિચારશકિતના કૌશલ્યને પ્રોત્સાહન આપે તેવી પાંચ પ્રવૃતિ ઓની યાદી બનાવો કોઈ પણ એક પ્રવૃતિ વિષે ચર્ચા કરો. (5)
   (બ) શાળા પૂર્વેના બાળકોમાં યાદશકિત સ્મરણશકિત માટેની રમતો વિશે માહિતી આપો (5)

2. સર્જનાત્મકતા એટલે શું ? બાળક સર્જનાત્મક બને તે માટે ઘર કે બાળસંભાળકેન્દ્રમાં એક પ્રેરક સામાજિક વાતાવરણનો વિકાસ કરવા માટે તમારા સૂચનો આપો, આ સૂચન આપવાનું કારણ સ્પષ્ટ કરો. (10)

4. શાળા પૂર્વેનાવર્ષોમાં બાળકોમાં કઈ કઈ સંજ્ઞાત્મક પ્રકિયાઓ અને કુશળતાઓનો વિકાસ થાય છે ? યોગ્ય ઉદાહરણ આપી સ્પષ્ટ કરો. (10)

5. **ખાલી જગ્યા પૂરો.** ( 5 )
   (ક) કાઈ પૃષ્ઠભુમિ પર જાત જાતની અને ભાતભાતની ચીજવસ્તુઓને ચોંટાડીને કોઈ દેશ્યને ચિત્રિત કરતી ત્રિપરિમાણીય ડિઝાઈનને ––––––––––– કહે છે.
   (ખ) વાર્તાકથન અને નાટકીય રમત જેવા સાધનો દ્વારા બાળકોની–––––––––– પરિપુષ્ટ થાય છે.
   (ગ) જયારે શાળા પુર્વેની એક બાળકી એમ કહે છે “ જો હું ખુરશી પર કઠોરતાથી (જોરથી) બેસીશ તો ખુરશીને વાગી જશે” એમની વિચારશકિતની આ આવડતને––––––––––– કહે છે.
   (ઘ) ––––––––––– એ ઓરડામાંની એક એવી જગ્યા છે જયાં બાળકોને રસ પડે તેવી ચીજો ગોઠવી શકાય અને તેમાંથી તેઓને વિચાર કરવાની પ્રેરણા મળે તેઓ અંદરો અંદર વાતચીત અને પ્રયોગો કરવા ઉત્સુક બને.
   (ચ) વાર્તાકથન અને નાટકીય રમતો બાળકોના –––––––––– ને અભિવ્યકત કરવાં માટેના ઉત્કૃષ્ઠ સાધનો છે, કે જેનાથી બાળકોની સાજાસારા હોવાની લાગણીનું સંવર્ધન થાય છે.

### વિભાગ–ખ

આ વિભાગમાં તમારે બાળકો માટે રમત પ્રવૃત્તિઓની યોજના બનાવી તેમને આયોજિત કરવા સંબંધિત કોઈપણ એક પ્રાયોગિક અભ્યાસ કરવાનો છે. ACCની પ્રાયોગિક નિયમાવલીમાં વર્ણવેલ 5,8, અને 9 અભ્યાસોમાંથી કોઈપણ એક અભ્યાસ પસંદ કરો અને તેને સ્વાધ્યાય કાર્યના ભાગરૂપે અભ્યાસકેન્દ્રમાં મૂલ્યાંકન હેતુસર મોકલો.

જો તમે આ ત્રણે અભ્યાસ કરશો તો તે તમારા માટે ઉપયોગી બનશે. તેનાથી તમને રમત પ્રવૃત્તિઓની યોજના બનાવવાનો અને તેમને આયોજિત કરવાનો મહાવરો થશે. ત્યાર બાદ તમે મૂલ્યાંકન હેતુસર સૌથી શ્રેષ્ઠ કરેલો અભ્યાસ મોકલી આપો. આ અભ્યાસોમાં ગુણ સંબંધી સૂચના નીચે પ્રમાણે છે.

અભ્યાસોની ગુણસંબંધી સૂચના આ પ્રમાણે છે.

અભ્યાસ - 5

કુલ ગુણ - 40

ગુણનું વિભાજન બનાવેલ રમકડાંથી બાળક સાથે રમવું અને અવલોકનોને રેકોર્ડ કરવા.
(10+10)

રમતની પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરવું અને નિષ્કર્ષ લખવો.
(10+10)

અભ્યાસ - 6

કુલ ગુણ - 40

ગુણનું વિભાજન બે પ્રવૃત્તિઓની યોજના બનાવવી.
(10+10)

બંને પ્રવૃત્તિઓને આયોજિત કરવી તથા તેમનું વિશ્લેષણ
(10+10)

તથા મૂલ્યાંકન કરવું.

અભ્યાસ - 9

કુલ ગુણ - 40

| | | |
|---|---|---|
| ગુણનું વિભાજન | તહેવારનું વર્ણન. | ( 5 ) |
| | ઓરડાની પુનઃવ્યવસ્થા માટેના સૂચનો આપો. | (15) |
| | એક અઠવાડિયાની પ્રવૃત્તિઓની સારણી બનાવો. | ( 5 ) |
| | સારણીમાં દર્શાવેલ પ્રવૃત્તિઓનું વર્ણન કરો. | (15) |

**xxxxx**

## સ્વાધ્યાય કાર્ય :– 3

### વિભાગ–ક
(60)

1. ભારતમાં પ્રવર્તમાન પોષણ અને સ્વાસ્થ્ય કાર્યક્રમોની રૂપરેખા આપો.
(10)
2. તમે શાળાપુર્વેબાળકો માટેના સંપૂર્ણ દિવસના બાળપરિચર્યા કેન્દ્રના સંચાલક છો એક સંચાલક તરીકે આ કેન્દ્રની સ્થાપના તથા સંચાલન માટેના અતિ આવશ્યક વ્યાવહારિક મુદ્દાઓની ઉદાહરણ સહિત ચર્ચા કરો.
(15)
3. બાળપરિચય કેન્દ્રમાં બાળકો માટેના અભ્યાસક્રમ આયોજનની પ્રક્રિયાના કયા મુખ્ય પાંચ તબકકાઓ અનુસરવામાં આવે છે. ?
4. ક. મુલ્યાંકન એટલે શું ? બાળસંભાળ કેન્દ્રની સ્થાપના માટે જો તમે આયોજન કરી રહયા હોય તો તેના પ્રારંભ માં તથા નિયમિત સમયે સમયે અને દૈનિક રીતે કેન્દ્રના કયાં કયાં પાસાઓનું મુલ્યાંકન કરવાનું નકકી કરશો ? શા માટે ?

**(ખ) નીચેના વિધાનો સમજાવો.**
(10)

1. વાલીઓ અને આસપાસના લોકોનો સમાજ બાળકોની સંભાળમાં ભાગીદાર હોવા જોઈએ.
2. પીયેજની દૃષ્ટિએ શાળાપૂર્વ બાળકો વસ્તુઓને બીજાના દૃષ્ટિકોણથી જોવામાં અસમર્થ હોય છે.
3. બાળકના વિકાસમાં વારસો અને વાતાવરણ બંને અસર કરે છે.
4. શાળાપૂર્વેની વયમાં શિક્ષણ કેવળ રમતપ્રવૃતિના માધ્યમથી જ આપવું જરૂરી છે.
5. બાળકો માટે વિકાસ ક્રમાનુસાર અને પ્રગતિશીલ હોય છે.

6. **નીચેના વિધાનો સાચા છે કે ખોટાં તે જણાવો.**
   **ખોટા વિધાનો સુધારી ફરી લખો**
   1. ' કટોકટી ' ના સમયખંડો દરમિયાન જ શિશું કોઈ ચોકકસ કૌશલ્ય મેળવી શકે છે.
   2. બાળક અને બાળકીના વિકાસ દરમાં તફાવત હોય છે.
   3. બબડાટ એ પ્રત્યાપન માટેનું બાળકનું સૌથી વહેલું મળેલું કૌશલ્ય છે.
   4. જો માતાપિતા દંડનો સમજદારીથી પ્રયોગ કરે તો એનાથી બાળકોને અશિષ્ટ વ્યવહાર શીખવાથી દુર રાખી શકાય છે.
   5. જન્મ સમયે બાળકની સૌથી વધુ વિકસિત ઇન્દ્રિય સ્પર્શની હોય છે.

## વિભાગ–ખ

આ વિભાગમાં તમારે બાળસંભાળકેન્દ્ર માટે એક અઠવાડિક આયોજનપત્રક સંબંધિત અભ્યાસ કરવાનો છે.
તમારે ACC ના પ્રાયોગિક કાર્યોની નિયમાવલીમાં વર્ણવેલ અભ્યાસ -10 કરવાનો છે.
અભ્યાસ 10 માટે ગુણસંબંધી સૂચના આ પ્રમાણે છે.

કુલ ગુણ - 40

| | | |
|---|---|---|
| ગુણનું વિભાજન | સપ્તાહનું નોંધપત્રક બનાવવુ | (15) |
| | રમત પ્રવૃત્તિઓનું વિવરણ કરવું. | (25) |